

## સીનીયર સીટીઝન પાર્કનું સંઘ સેવક સ્વ. રમણભાઈ શાહ નામાભિધાન કરાયું

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ અને અદના પ્રચારક તેમજ 'સાવધાન', 'સાધના' અને 'સંઘ'ના ત્રિવેણી કાર્યોમાં જીવન ખપાવી દેનાર સ્વ. રમણભાઈ મણિલાલ શાહના સ્વર્ગવાસને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું છે. આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેમના સેવા પ્રદાનની સ્મૃતિરૂપે પાલડીમાં સ્પાન ટ્રેડ સેન્ટરની પાછળ સીનીયર સીટીઝન પાર્કનું તેમના નામે નામાભિધાન કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી. સ્વ. રમણલાલ મણિલાલ શાહનું નામાભિધાન શહેરી વિકાસ મંત્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે તા. ૭મી જૂન રવિવારે કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. રમણભાઈ શાહ સાધના સાપ્તાહિકના સંસ્થાપક અને અજીત એડ્સવાળા અજીતભાઈ શાહના પિતાશ્રી છે.

# રાજ્યના ફાર્માસિસ્ટો માટે નવા સુધારા આવશે

## રાજ્યમાં ડ્રગ્સ ઈન્ફોર્મેશન સેન્ટર ઉભુ કરવામાં આવશે : નાગરિકોને દવા અંગેની ફરિયાદ અને માહિતી મળી રહે તે માટે ટોલ ફ્રી નંબર જાહેર કરાશે : મોન્ટુ પટેલ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના ફાર્માસિસ્ટો પણ હવે અમેરિકા, યુકે જેવા વિકસિત દેશોના ફાર્માસિસ્ટો જેવો લુક ધારણ કરશે. આવનાર સમયમાં ફાર્માસિસ્ટો માટે નવા નીતિ નિયમો અમલમાં લાવવામાં આવશે. તેમજ ફાર્માસિસ્ટોને વિવિધ સુવિધા આપવામાં આવશે તેમ ગુજરાત ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ મોન્ટુ પટેલે જણાવ્યુ છે.

ગુજરાત ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ મોન્ટુ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સમાજમાં ફાર્માસિસ્ટે પ્રભાવ પાડવા માટે વિવિધ સુધારા અપનાવવા પડશે. ત્યારે આગામી સમયમાં મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોમાં ફાર્માસિસ્ટો જે ભૂમિકા ભજવી રહ્યા છે. તેનું અનુકરણ કરવું પડશે.

દરેક ફાર્માસિસ્ટે દવાનું દુકાનમાં ફરજીયાત ફોટો લાયકાત દર્શાવતું પ્રમાણપત્ર રાખવુ પડશે. સફેદ એપ્રોન પહેરી નેમ પ્લેટ લગાવવી પડશે. સભ્યમા આવનાર સમયમાં ખાલી પડેલ ફાર્માસિસ્ટોની ૧૦૦ જેટલી જગ્યાઓ પણ ભરવામાં આવશે.

રાજ્યમાં ડ્રગ્સ ઈન્ફોર્મેશન સેન્ટર ઉભુ કરવામાં આવશે. જેમાં ફાર્માસીસ્ટ ઈન્સ્પેક્ટરોની ભરતી કરાશે. જે મેડીકલોમાં ચેકીંગ કરશે. રાજ્યમાં ૨૫ હજાર દવાની દુકાનો આવેલી છે. જેમાં કેટલી લાયસન્સ વિના ધમધમી રહી હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે આવી દુકાનોના ફાર્માસીસ્ટો સામે કડક પગલા ભરવામાં આવશે.

ગુજરાત રજીસ્ટેટ વેલ્ફર ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવશે. ત્યારે ટ્રસ્ટમાં જે ફાર્માસિસ્ટો જોડાશે તેમણે રૂ. ૯૦ હજારનો વીમો ટ્રસ્ટ દ્વારા કરાવી આપવામાં આવશે. દરેક નાગરિકને દવા અંગેની ફરિયાદ અને માહિતી મળી રહે તે માટે ટોલ ફ્રી નંબર શરૂ કરવામાં આવનાર છે.

સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય છે. જે દવાઓનું ૪૫ ટકા ઉત્પાદન કરે છે. જ્યારે અન્યો રાજ્યો મળીને ૫૫ ટકા ઉત્પાદન કરે છે. રાજ્યમાં આગામી સમયમાં ફાર્માસિસ્ટોને રોજગારી પણ મળી શકશે. ફાર્માસી લાઈનમાં યુવાનોને વિપુલ માત્રામાં રોજગારી મળી શકશે.

# નોડલ અધિકારીઓને વિશ્વ યોગ દિવસની ઉજવણી હેતુ વિભિન્ન સંસ્થાઓનો સહયોગ લેવા સુચન

## નાયબ મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતામાં ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન ખાતે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી સંદર્ભે આજે નાયબ મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી હેતુ નિયુક્ત કરાયેલ તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમ્યાન નોડલ અધિકારીઓને યોગ અંગેની સીડીનું નિદર્શન કરવા, બાયસેગ પર પ્રસારિત થતા કાર્યક્રમને નિહાળવા તેમજ યોગની તાલીમ આપતી સંસ્થાઓનો સહકાર મેળવવા સુચનો અપાયા હતા. આગામી ૨૧મી જૂનના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. 'વિશ્વ યોગ દિવસની ઉજવણી હેતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજનો અમલમાં મુકાયા છે. જેને અનુલક્ષીને ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરમાં ૧૧ વોર્ડમાં ૧૧ નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. તેમજ યોગ દિવસની ઉજવણી કરવા માટે વોર્ડવાઈઝ ૧૧ સ્થળો પર નિર્ધારિત કરી દેવાયા છે. આ સ્થળો પર મહત્તમ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહે તથા યોગ અંગે માર્ગદર્શન તથા માહિતી મેળવે એ માટે નોડલ અધિકારીઓને વિવિધ સુચનો અપાયા હતા. આ માટે આજરોજ મ્યુનિ. કોર્પોરેશન ખાતે નાયબ મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં નોડલ અધિકારીઓને તેમજ યોગના પ્રશિક્ષકોને બાયસેગ દ્વારા પ્રસારિત કરાતા આયુષ કાર્યક્રમને નિહાળવા તેમજ સરકારશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવાયેલ યોગ અંગેની સીડીનું નિદર્શન કરવા જણાવાયું હતું. ઉપરાંત યોગ અંગેની માહિતી તથા માર્ગદર્શન માટે પતંજલિ, આર્ટ ઓફ લીવીંગ, બ્રહ્માકુમારી સહિતની સંસ્થાઓનો સહકાર મેળવવા સુચન કરાયું હતું. તેમજ 'વિશ્વ યોગ દિવસ'ના રોજ નાગરિકો સફેદ વસ્ત્રો ધારણ કરી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે એ માટે પ્રસાર કરવા જણાવાયું હતું.



**ખેડબ્રહ્મામાં ધોધમાર વરસાદ**

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા કેટલાય દિવસથી અસહ્ય ઉકળાટ બાદ મેઘરાજાએ પધરામણી કરતાં લોકોને ગરમીથી રાહત મળી હતી. ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા અઠવાડીયાથી વાતાવરણમાં અસહ્ય બાફ અને ઉકળાટ બાદ ગુરુવાર રાત્રે વરસાદ પડવાથી વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી ગઈ હતી. સાંજે વાદળ ઉમટી આવી વરસાદ વરસ્યો હતો જને લઈ શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રાત્રે આઠ વાગેથી શરૂ થયેલ વરસાદ મોડી રાત્રી સુધીમાં ૪૩ મીમી વરસાદ પડયો હતો. જેને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત મળી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# ખેડબ્રહ્મામાં કોંગ્રેસ દ્વારા ઈન્દિરા આવાસના હપ્તા ન ચૂકવાતા આવેદનપત્ર અપાયું

## ઈન્દિરા આવાસના બી.પી.એલ. લાભાર્થીઓને છેલ્લા પાંચ વર્ષથી સહાયના હપ્તા ચૂકવાયા નથી

ખેડબ્રહ્મા, તા.૧૨

ખેડબ્રહ્મા-વિજયનગર અને પોશીના તાલુકામાં છેલ્લા પાંચ વર્ષથી ઈન્દીરા આવાસ યોજના અંતર્ગત પોશીના અને વિજયનગર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત હજારો બીપીએલ લાભાર્થીઓએ મકાનો બનાવ્યા છે. પરંતુ અત્યાર નુકશાન થવાની વકી છે. છતાં પણ તાલુકા પંચાયતના અધિકારીઓનું પેટનું પાણી પણ હલતું નથી પરિણામે કોંગ્રેસ દ્વારા રેલી યોજી લાભાર્થીઓને



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

બીપીએલ લાભાર્થીઓને મકાનના હપ્તા ચુકવાયા નથી આથી આજે કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલની આગેવાનીમાં કાર્યકરોએ રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ખેડબ્રહ્મા સુધી આવાસની સહાયનો એક પણ હપ્તો ચુકવાયો ન હોય તેવા ઘણા બધા લાભાર્થીઓ પ્રકાશમાં આવ્યા છે.ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે ત્યારે અધુરા આવાસવાળા લાભાર્થીઓની ચિંતામાં વધારો થવા પામ્યો છે અને વરસાદથી આ લાભાર્થીઓને ભારે સહાયના બાકીના હપ્તા ચુકવવા માટે ઉગ્ર માંગણી સાથે પ્રાંત અધિકારી વી.આર.સકસેનાને આવેદનપત્ર આપ્યું હતું. આ રેલીમાં ધારાસભ્ય અશ્વિન કોટવાલ, લીલાબેન ડાભી, મંથાબેન ગમાર, જીજ્ઞેશ જોષી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે ગ્રામ્ય કક્ષાનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

## આઠ શાળાઓમાંથી ૧૪૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગ્રામ્ય વિસ્તારની આઠ પ્રાંતિજ તાલુકાના વડવાસા, કરોલ, તાજપુર-૧-૨, કમાલપુર, સાદોલીયા વિવિધ સ્થળોએ આવેલ પ્રાથમિક બાળકોને સ્કૂલબેગ સાથે કિટો આપવામાં આવી હતી. જ્યારે આ પ્રસંગે જિલ્લા નાયબ ડીડીઓ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં ૧૪૪ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ શાળામાં પ્રવેશ મેળવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન પ્રાંતિજ તાલુકામાં ગ્રામ્ય કક્ષાનો પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં શાળામાં બાળકોને સરકારશ્રી તરફથી શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડવાસા, કમાલપુર, સાદોલીયા ખાતે અંબટો સિરામિક્સ ફેક્ટરી દ્વારા ફેક્ટરીના હેડ. એચ.આર. આર. કે.દાસના હસ્તે શાળા પ્રવેશોત્સવ મેળવનાર આર.એમ. પુચારા, જાયન્ટ ગૃપના એન.કે. ડેરીયા, પંકજભાઈ ભાવસાર, વજેશભાઈ ભાવસાર, સી.ડી.પી.ઓ. દક્ષાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને આ બાળકોને શાળા પ્રવેશોત્સવ આપવામાં આવ્યો હતો. જયારે બાળકોને અને આંગણવાડીના બાળકોને પણ રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને ધોરણ એકમાં પ્રવેશ લેનાર બાળકોને કિટો મળતાં તેમના ચહેરા ઉપર સ્મિત જોવા મળ્યું હતું.

## આજે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ ગ્રાઉન્ડનું મુખ્યમંત્રી લોકાર્પણ કરશે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ શનિવાર તા. ૧૩ જૂને સાંજે અમદાવાદ મહાનગરમાં સાબરમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના નવા નિર્માણ થનારા ભવનનું ભૂમિપૂજન કરશે.

મુખ્યમંત્રીશ્રી ટાગોર હોલ પાછળ સાબરમતી રિવરફ્રન્ટમાં તૈયાર કરવામાં આવેલા ઈવેન્ટ ગ્રાઉન્ડનું પ્રજાર્પણ કરવાના છે તથા ૪૨૯૩ ઈડબલ્યુએસ આવાસના કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો તેમજ અક્ષયપાત્ર સંસ્થા દ્વારા આંગણવાડી બાળકો માટેના પોષક આહાર માટેની વાનને પ્રસ્થાન પણ કરાવશે. રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી તથા અમદાવાદના મેયર શ્રીમતી મિનાક્ષીબહેન પટેલ, તેમજ સાંસદો, ધારાસભ્યો, મહાપાલિકાના પદાધિકારીઓ આ અવસરે ઉપસ્થિત રહેવાના છે.

## શબ્દાવલી - ૫૭૫૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ૫ | ■ | ૬ |
| | ■ | ૭ | | | | ■ | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ૧૧ | |
| ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ |
| ૧૪ | ■ | | ■ | ૧૫ | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| ૨૨ | | ૨૩ | ■ | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ■ | ૨૭ | | | |

### આડી ચાવી

૧. વીજળીઘર, વિદ્યુતમથક (૬)
૭. આખો દિવસ ખાવાની જ વાત કરે અને ખાધા કરે તેવો (૪)
૮. જુઠ્ઠું બોલવાની ટેવવાળુ (૩)
૧૦. મોટા દરવાજામાં રાખેલ નાની બારી (૪)
૧૨. અડદ - ચોખાની વાનગી- ખીચુ બનાવી તેના... થાય (૩)
૧૩. નકામુ, રદ્દી (૨)
૧૬. વિનાશ થયો હોય તેવું (૨)
૧૮. મોટું પહોળું વાસણ (૨)
૨૦. બખ્તર (૩)
૨૨. દોરા પાવાનો માવો, માંઝો (૩)
૨૪. 'પવન' શબ્દ આડોઅવળો (૩)
૨૬. કમળ, પદ્મ (૩)
૨૭. જાળવવું, સાચવણી (૪)

### ઊભી ચાવી

૧. ઝાંઝર, નુપૂર (૩)
૨. રઝળપાટ (૫)
૩. બીક, ડર (૨)
૪. ... લેવો, વઢવું (૪)
૫. રિશ્તો, સંબંધ (૪)
૬. બુટનો દોરી (૩)
૯. પપ્પા, બાપુજી (૨)
૧૧. કેરીને બાફીને કરાતો માવો (૩)
૧૪. પેન્ટ (૪)
૧૫. નૈયા, હોડી (૨)
૧૭. સતામણી, પજવવું તે (૪)
૧૯. બગલાની માદા (૩)
૨૧. ચાલાક, ચંચળ (૩)
૨૩. ગરીબ, રંક (૨)
૨૫. નવું, ૯નો અંક (૨)

### શબ્દાવલી ૫૭૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) જતન (૩) આગમન (૬) થપેડા (૭) કુલડી (૧૦) અવસાન (૧૨) કડી (૧૩) વાવડ (૧૪) સવળુ (૧૫) ઓપ (૧૭) પથ (૧૮) આથત (૧૯) ડાવા (૨૦) જશ (૨૧) આવરોજાવરો

**ઊભી ચાવી :-** (૧) જળકૂકડી (૨) નથડી (૩) આડાઅવળુ (૪) મનસા (૫) નમન (૯) લડી (૧૧) વડ (૧૩) વાવ (૧૪) સથવારો (૧૫) રોથ (૧૬) પતરાળા (૧૭) પડાય (૧૮) આશરો (૨૦) જવ

## ગાંધીનગર જિલ્લાના ખેડૂતો જોગ

બાગાયત ખાતા દ્વારા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે ગુજરાત હોર્ટીકલ્ચર મિશન તેમજ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ખેડૂતોને વિવિધ સહાયલક્ષી લાભ આપવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતો યોજનાઓનો લાભ લેવા માંગતા હોય તેવા ખેડૂતોએ i-khedut (web site : www.ikhedut.gujarat. gov.in માં ખેડૂતે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રજીસ્ટ્રેશન કરાવવા માટે તમારા ગામના 'ઈ ગ્રામ કેન્દ્ર' ઉપર ઈ-ગ્રામ ઓપરેટર અથવા આત્મા દ્વારા નિમાયેલ ખેડૂત મિત્ર બે માંથી કોઈ પણની હાજરીમાં નોંધણી કરાવવાની રહેશે. વધુમાં ખેડૂતો જે યોજનાનો લાભ લેવા માંગતા હોય તેવા બાગાયતદાર ખેડૂતો તા. ૨૦-૬-૨૦૧૫ સુધી સંબંધિત યોજનાની ઓનલાઈન અરજી પણ જે તે ગ્રામ્ય કક્ષાએથી અથવા તો internet ના માધ્યમથી કરી શકાશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે અરજી સમયસર નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, સે. ૧૧, ગાંધીનગર ખાતે રજુ કરવાની રહેશે. આ માટે સરકારશ્રી દ્વારા સમય મર્યાદા નક્કી કરેલ છે. જેની વિગતો ઉપરોક્ત પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. જેની સર્વે ખેડૂતોએ નોંધ લેવા અને વધુ વિગતો માટે નયાબ બાગાયત નિયામકશ્રીની કચેરીના ઉપરોક્ત સરનામે અથવા ફોન નંબર - ૦૭૯ ૨૩૨ ૫૭૭૬૦ અથવા e-mail : dydir@gujarat.gov.in પર સંપર્ક કરવા બાગાયત નિયામકશ્રી જે.આર. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વાતાવરણ પલ્ટાયુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતમાં સામાન્ય રીતે ૧૫મી જુન સુધીમાં ચોમાસુ બેસી જાય છે. પરંતુ આ વખતે ચોમાસુ થોડુક મોડું છે. પ્રિ-મોન્સુનએકટીવીટીના ભાગરૂપે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડયો હતો. જો કે હજુ સુધી ગાંધીનગરમાં વરસાદની પધરામણી થઈ નથી. મુંબઈમાં વિધિવત ચોમાસાની શરૂઆત થઈ હોવાનો દાવો હવામાન વિભાગે કર્યો છે. આગામી એકાદ અઠવાડિયામાં રાજયમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થાય તેવી શકયતાઓ છે.

# જીટીયુમાં ૩૦૦૦ વિદ્યાર્થી, સ્ટાફ યોગાસનમાં ભાગ લેશે

## જીટીયુ સંલગ્ન કોલેજો ઉજવણીમાં ભાગ લેવા સુસજ્જ યુનિવર્સિટીના સહયોગમાં કર્મચારીઓને તાલીમ અપાઈ

અમદાવાદ, તા.૧૨

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૭૭ દેશોના સહયોગથી જાહેર કર્યું તે અનુસાર આગામી ૨૧મી જુનના રોજ આંતરરાષ્ટ્રી યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન કોલેજોએ પણ તે ઉજવણીમાં ભાગ લેવા કમર કસી છે.

૨૧મીએ જીટીયુના ચાંદખેડા કેમ્પસમાં યોજાનારા વિશેષ યોગ કાર્યક્રમમાં આશરે બે થી ત્રણ હજાર વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને સ્ટાફ ભાગ લેશે એવી જાહેરાત આજે જીટીયુના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર રાજુલ ગજ્જરે કરી હતી. જીટીયુએ લકુલીશ યોગ યુનિવર્સિટીના સહયોગમાં ૩૦૦ કર્મચારીઓને તાલિમ આપવાનો પ્રારંભ કર્યો છે. લકુલીશ યોગ યુનિવર્સિટીના આસિસ્ટન્ટન્ટ પ્રોફેસર વિરલ રાવલ અને તેમની ટીમે ૧૦મી જૂનથી જીટીયુના સ્ટાફને યોગાસનોની તાલિમ આપવાન શરૂઆત કરી છે. આ તાલિમ સત્ર ૨૦મી જુન સુધી ચાલશે. ગત ૧૧મી જુને કમિશ્નર ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાતના પ્રતિનિધિએ અપાઈ રહેલી યોગ તાલિમ અંગે જાણકારી મેળવવા જીટીયુના ચાંદખેડા કેમ્પસની મુલાકાત લીધી હતી.

યોગની તાલિમ આપનાર રાવલે જણાવ્યું હતું કે, યોગ કોઈ ચોક્કસ ધર્મ કે ધાર્મિક વ્યવસ્થા માટે નથી. તેનો હેતુ શરીર, મન લાગણી અને ઉર્જા વચ્ચે સમન્વય સાધવાનો છે. અમુક સાદી ટેકનીકની મદદથી આપણા શરીરિક સ્વાસ્થ્યમાં સુધારો કરી શકાય છે.

## શિક્ષણ મેળવવા ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વાહનની સુવિધા જે બાળક શાળાએથી ૩ કિ.મી. દૂર રહેતુ હોય તેને જ લાભ આપવામાં આવશે.

જિલ્લાના ચારેય તાલુકાઓમાં જોઈએ તો દહેગામમાં ૪ શાળાઓ, ગાંધીનગરની ૧૭ શાળાઓ, કલોલની ૨ શાળા અને માણસાની ૬ શાળાને આ બેદિવસ દરમ્યાન ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવામાં આવી છે.

આજે પ્રવેશોત્સવના બીજા દિવસે ગાંધીનગરમાં ૧૧ શાળાઓને આ સુવિધા અર્પણ કરાઈ છે. શિક્ષણના સાર્વત્રિકરણના સરકારના પ્રયાસોને આનાથી વેગ મળશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## કર્મચારીઓને માર્ગદર્શન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંગે માહિતી અપાઈ હતી. આ માહિતી અંતર્ગત ફોગીંગની કાર્યવાહી દરમિયાન મકાનના બારી બારણાં બંધ રાખવા, દવામાં બોળેલી મચ્છરદાનીનો ઉપયોગ, દવાનો છંટકાવ, પાણીના પાત્રો ઢાંકી રાખવા, જુના ટાયર-ત્રોફા વગેરેના નિકાલ સહિતની બાબતો અંગે માહિતી આપવામાં આવી હતી. દરમિયાન કાર્યક્રમ અંતર્ગત કોઈ પણ પ્રકારનો તાવ આવે તો નજીકના સરકારી દવાખાનામાં લોહીની તપાસ કરાવી નિદાન મેળવવું તથા સંપૂર્ણ સારવાર કરાવી જરુરી હોવાનું જણાવાયું હતું.

## ધરખમ ફેરફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર્યાવરણ વિભાગ અને ડૉ. રાજીવકુમાર ગુપ્તા શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ તરીકે નિમાયા છે.

જીઆઈડીસીના ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડિરેક્ટર બી. બી. સ્વૈન પંચાયત ગ્રામ ગૃહ નિર્માણના અગ્ર સચિવ તરીકે અને કે. શ્રીનિવાસનને મહેસુલ વિભાગના અગ્ર સચિવ તરીકે બદલી કરાઈ છે. શ્રમ કમિશનર ડૉ. જયંતિ રવી ગ્રામ વિકાસ કમિશનર તરીકે મુકાયા છે જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ એસ. જે. હૈદર પ્રવાસન સચિવ તરીકે નિમાયા છે. સામાન્ય વહીવટ વિભાગના સચિવ સંજય ધનંજય દ્વિવેદી સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ તરીકે બદલી કરાઈ છે.

## રિસર્વેનો ખર્ચ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી રહેણઠાણની સંખ્યા ઓછી છે. સરકારી આવાસોની ડિઝાઈનમાં કોઈ ફેરફાર થયો નથી એટલે નવા રિસર્વેમાં તેને હટાવી શકાય તેમજ શહેરમાં ખાનગી મિલ્કતો ૬૦ હજારથી વધુ નથી. આવા સંજોગોમાં જે જોગવાઈ કરવામાં આવી છે તે વધુ પડતી છે.

તેમણે એવું પણ કહ્યું છે કે મિલ્કતેવાની વસુલાત ઘણી બાકી છે તેના માટે ધ્યાન કેન્દ્રીત તંત્ર દ્વારા કરવામાં આવતુ નથી. બીજી તરફ રિસર્વે માટે આટલો જંગી ખર્ચ કેવી રીતે પોષાય. તેમણે એમ પણ કહ્યું છે કે મિલ્કતવેરાની આવક ૨૫ કરોડ અંદાજવામાં આવી છે જ્યારે વસુલાતનો આંક તેનાથી ઘણો મોટો છે તે બાબતે તંત્રએ અંદાજપત્રમાં જે મૌન સેવ્યુ છે તે દુઃખદ છે.

આ કાઉન્સીલરોએ ૧૬મી એ મળનારી મનપાની સામાન્ય સભામાં અંદાજપત્ર ત્રણ મહિના બાદ મંજૂરી માટે રજુ કરવામાં આવનાર છે તેને લઈ વીસ થી વધુ સુધારા દરશાસ્તો રજુ કરી છે.

આ સભ્યોએ મહિલા સશક્તિકરણની વાતો કરતી સરકાર ભાજપની છે અને મનપામાં સત્તા ભાજપની છે તો માત્ર બે લાખની જોગવાઈ કરવામાં આવી છે તે અપૂરતી છે. શહેરની એક મહિલા પાછળ પાર્ષિક ખર્ચ ખુબજ ઓછો કહી શકાય. તેમણે કોર્પોરેશનના મહેકમ ખર્ચમાં રૂ. ૭ કરોડનો વધારો કરવા પાછળના કારણો વ્યાજબી ન જણાયા હોઈ તેમાં પુનઃ વિચારણા કરી કાપ મુકવા જણાવ્યું છે. શહેરના બગીચાઓમાં શૌચાલયોની વ્યવસ્થા અને બાળકો માટે રમત-ગમતના સાધનો મુકવાની પણ માંગ કરી છે.